આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૧૦/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૨૫/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ.

**સુધારા ઠરાવ:**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો બહાર પાડેલ હતા. આ ઠરાવની જોગવાઈ ક્રમાંક-૭.૧૩ અને ઠરાવ સાથેના પરિશિષ્ટ-૭ની જોગવાઈ ક્રમાંક-૪ માં હાજર થવાની સમયમર્યાદા બાબતે વિસંગતતા ધ્યાને આવેલ છે તેમજ જોગવાઈ ક્રમાંક-૭.૧૪ અને ઠરાવ સાથેના પરિશિષ્ટ-૭ની જોગવાઈ ક્રમાંક-૧૨ માં મેડિકલ ફિટનેસ રજુ કરવાની બાબતે પણ વિસંગતતા ધ્યાને આવેલ છે. આથી ઉક્ત બાબતે વિસંગતતા દૂર કરી ઠરાવમાં સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- ઉક્ત ઠરાવમાં નવી જોગવાઈ ક્રમાંક- ૭.૧૯ નો નીચે મુજબ ઉમેરો કરવામાં આવે છે:

"૭.૧૯ આંગણવાડી કાર્યકર/તેડાગરે નિમણૂક હુકમ મળ્યાની તારીખથી ૧૦ દિવસમાં ફરજ પર હાજર થવાનું રહેશે. પરંતુ ઉમેદવાર કોઈ કારણોસર હાજર થઈ શકે એમ ન હોય તો સંબંધિત ઉમેદવારે સીડીપીઓશ્રીને કારણો સાથે હાજર થવાની સમયમર્યાદામાં વધારો કરવા માટે લેખિત અરજી કરવાની રહેશે. સંબંધિત સીડીપીઓશ્રી હાજર થવાની સમયમર્યાદામાં પ્રથમ વાર ૨૦ દિવસ અને બીજી વાર ૩૦ દિવસનો વધારો કરી શકાશે. હાજર થવાની સમયમર્યાદા ૬૦ દિવસથી વધારી શકાશે નહિ."

૩/- ઉક્ત ઠરાવના પરિશિષ્ટ-૭ ની જોગવાઈ ક્રમાંક-૧૨ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

"હાજર થતી વખતે જન્મતારીખના પુરાવા માટે શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, શૈક્ષણિક લાયકાતના સર્ટીફિકેટની પ્રમાણિત નકલ રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્રોની ચકાસણી અસલ પ્રમાણપત્રોની ચકાસણી અસલ પ્રમાણપત્રોને આધારે બાળ વિકાસ યોજના અધિકારીશ્રી પાસે કરાવવાની રહેશે."

૪/- ઉક્ત ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ સવિનય રવાના:

(1) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(2) માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(3) માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(4) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(5) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(6) અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(7) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(8) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(9) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........................
(10) તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ...............................
(11) વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
(12) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, જિ...........................
(13) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, .............................
(14) નાણાં સલાકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(15) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(16) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(17) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ શાખાઓ.
(18) સિલેક્ટ ફાઇલ.